શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જયોતિર્ગમય

To, ______________________

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : ‘‘ગેલી પ્રિન્ટર્સ’’ પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ.
વર્ષ : ૬ - અંકઃ ૪૩ ઓકટોબર/નવેમ્બર-૨૦૧૫ (૯૦૯૯૯ ૭૮૧૨૭)

## ૧) ડૉ વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં ‘ગાંધી જયંતી’ તથા ‘શાસ્ત્રી જયંતી’ ની ઉત્સાહભેર ઉજવણી – સ્વચ્છ ભારત કાર્યક્રમ અંતર્ગત સફાઈ અભિયાન તથા પૂ. ગાંધી બાપુના જીવન પર આધારિત નાટક ‘જીવન આધાર’ ની રજૂઆત :–

પોરબંદર જિલ્લાની તથા સૌરાષ્ટ્રની જાણીતી મહિલા ઉચ્ચ શિક્ષણ સંસ્થા ‘ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં તા. ૧ ઓકટોબરના બાપુની ૧૪૫મી અને ભારતના લાડલા પૂર્વ વડાપ્રધાન શ્રી લાલબહાદૂર શાસ્ત્રીની ૧૧૧ની જન્મ જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. જેમાં આ બંને મહાનુભાવોને આદર પૂર્વક શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

સાથે જ ‘સ્વચ્છ ભારત’ કાર્યક્રમના ઉપક્રમે મહિલા કોલેજના તમામ વર્ગખંડો એસેમ્બલી એરીયા, કોલેજની બિલ્ડીંગમાં સમાષ્ટિ અંદર તથા બાહરના બગીચાઓ, કોન્ફરન્સ રૂમ,સ્ટાફ કોમન રૂમ, તમામ ઓફિસ,ગ્રંાલય, સેન્ટ્રલ હોલ, રમતનું મેદાન કોલેજ ફરતેનો વિસ્તાર તથા કોમ્પ્યુટર લેબની સફાઈ કરવામાં આવી. જેમાં મહિલા કોલેજના તમામ પ્રાધ્યાપકો, વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીનીઓ જોડાયા હતા. આ અભિયાનમાં જોડાયેલા સૌને પ્રિન્સીપાલ શ્રી કગથરા સાહેબ, ટ્રસ્ટીશ્રી વિસાણી સાહેબ, એન. એસ. એસ.ના પ્રોગ્રામ ઓફિસર શ્રી ડૉ. ગીતાબેન ઉનડકર તથા પ્રો. દક્ષાબેન ચોટાઈ પાસેથી અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. સફાઈ કાર્યક્રમ દરમ્યાન અત્યંત સુંદર રીતે સફાઈકાર્ય કરી રહેલી ૧૦ વિદ્યાર્થીનીઓને અલગ તારવીને તેમની સુંદર કામગીરી બદલ તેમની પ્રસંશા કરવામાં આવી હતી. અને હવે પછીના કાર્યક્રમ દરમ્યાન તેમને સીંટિફિકેટ દ્વારા પણ સન્માનિત કરવામાં આવનાર છે.

સફાઈ કાર્યક્રમ પૂર્ણ થયા પછી એક અન્ય કાર્યક્રમ પણ યોજાયો હતો. જેનો પ્રારંભ વિદ્યાર્થીનીઓ દ્વારા સર્વધર્મ પ્રાર્થના કરીને કરાયો હતો. તથા કોલેજના પ્રો. શ્રી ડૉ. નાગરસાહેબે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. પૂજ્ય ગાંધીબાપુ તથા પૂજ્ય શ્રી લાલબહાદૂર શાસ્ત્રીને આદર પૂર્વક યાદ કરીને શ્રદ્ધાંજલિ આર્પણ કરી હતી. તથા વિદ્યાર્થીનીઓને પોતાની આસપાસના આસપાસના વાતાવરણમાં સ્વચ્છતા જાળવવા, પર્યાવરણનું જતન કરવા તથા પોતાની ખુદની તંદુરસ્તી જાળવવા માટે યોગા અને પ્રાણાયમ કરવા માટે ભારપૂર્વક ભલામણ કરી હતી. આપછી તરત જ મહિલા કોલેજના નાટ્ય ગુરૂશ્રી ચેતનાબેન દવે દ્વારા લિખિત દિગ્દર્શક નાટક ‘જીવન આધાર’ રજુ કરાયો હતો. અને અંતમાં રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો.

## ૨) ડૉ વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં નવરાત્રી રાસત્સવની ઉત્સાહભેર ઉજવણી :–

તા :- ૨૦/૧૧/૨૦૧૫ના રોજ ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં સાંસ્કૃતિક સમિતિ દ્વારા નવરાત્રી રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમનો પ્રારંભ સવારના ૧૦:૦૦ વાગ્યે આદ્યશક્તિની આરતી સાથે કરવામાં આવ્યો હતો. અને તછી વિદ્યાર્થીનીઓએ રાસગરબાની રમઝટ બોલાવી મજામાણી હતી. સમગ્ર કાર્યક્રમને બે વિભાગમાં વિભાજીત કરવામાં કરાયો હતો. (1) Traditional Round (2) Non Traditional Round. અને આ બંને રાઉન્ડ દરમ્યાન નીચેની બહેનોને વિજેતા જાહેર કરવામાં આવી હતી. Princess of the college તેજલ પી. થાનકી (બી.કોમ.સેમ-૩). Best Players - Traditional

(૧) ઝંખના જે. પોસ્તરીયા – બી.એ. સેમ-૧
(૨) હેતલ કે. સોઢા – બી.કોમ. સેમ-૧
(૩) ભાવિષા ડી. ગાધેર – બી.કોમ. સેમ-૩
(૪) વિભૂતિ એસ. મોઢવાડીયા બી.કોમ. સેમ-૧
(૫) ધારા વી. મકવાણા – બી.કોમ સેમ-૫

Best Players - Non Traditional

(૧) પૂર્વી પી. પોપટ – બી.એ. સેમ-૩
(૨) હેમાંગી વી. અગ્રાવત – બી.એ. સેમ-૩
(૩) અપેક્ષા આર. ડાભી – બી.કોમ. સેમ-૫
(૪) કોમલ ગોહેલ બી.એ. સેમ-૫
(૫) હીના એસ. કારેણા – બી.કોમ સેમ-૩

Well Dress

(૧) અમી આર. ડાભી – બી.કોમ. સેમ-૩
(૨) દિવ્યા એ.ઓડેદરા – બી.કોમ. સેમ-૧
(૩) નિશા જી. કિથોરીયા – બી.એ. સેમ-૧

આ કાર્યક્રમમાં નિર્ણાયકશ્રી તરીકે શ્રી કાશ્મીરાબહેન રાઠોડ, શ્રી જલ્પા મહેતા, શ્રી સોનલ પાંડવ તથા શ્રી પ્રતીક્ષાબહેન ઠાકરે સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.એ.સેમ-૧ ની વિદ્યાર્થિનીઓ કુ. પાયલ પરમાર તથા કુ. જયશ્રી પાંડાવદરાએ કર્યું હતું.

તમામ વિજેતાબહેનોને મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરાસાહેબ, સર્વે નિર્ણાયકશ્રીઓ તથા સાંસ્કૃતિક સમિતિના સભ્યો દ્વારા સન્માનિત કરવામાં આવેલ. અંતમાં, રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## ૩) ભૂતપૂર્વ વિદ્યાર્થિની સંગઠનની મિટીંગ :-

તા.: ૨૮/૧૧/૨૦૧૫ના રોજ ડૉ. વી. આર. જી. મહિલા કોલેજમાં NAAC-2017 ની પૂર્વતૈયારીના ભાગરૂપે 'ભૂતપૂર્વ વિદ્યાર્થિની સંગઠન' ની એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ જેટલી ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ ઉમંગાભેર હાજર રહી હતી.

કાર્યક્રમના પ્રારંભમાં મહિલા કોલેજના NAAC કો.ઓર્ડિનેટર ડૉ. ઈલાબહેન થાનકીએ ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓએ આવકારી હતી. આ પછી તરત જ પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ દ્વારા સૌનો પરિચય મેળવ્યા બાદ, NAAC ના ૭ (સાત) Criteria અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી તથા સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં સ્નાતક તથા અનુસ્નાતકની ડિગ્રી ધરાવતી મહિલાઓની ભૂમિકા અંગે તેમને જાગૃત કરવામાં આવી અને સાથે જ પોતાને શિક્ષિત બનાવનાર સંસ્થા પ્રત્યેની ભૂમિકા અદા કરવા માટે, વર્તમાન વિદ્યાર્થિનીઓ તથા મહિલા કોલેજ સાથે જોડાયેલા રહેવાની બાબત ભારપૂર્વક સૌને જણાવી હતી.

આ જ મિટીંગમાં Dr. V.R.G. old student Association ની રચના કરવામાં આવી અને તેમાં નીચેના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી. (૧) કુ. સોનલ એમ. પાંડવ, પ્રમુખશ્રી, (૨) કુ. જલ્પા જે. મહેતા, જનરલ સેક્રેટરી, (૩) કુ. અંજના આર. ગાધેર, ખજાનચી અને કેટલાક પ્રોજેટક જેવા કે, (૧) અનાથાશ્રમની મુલાકાત લઇને બાળકોને ઉપયોગી બનવું. (૨) ગરીબ બાળકોને શિક્ષિત બનાવવા, (૩) સાક્ષરતા અભિયાનને પ્રોત્સાહન આપવું. (૪) વૃક્ષોને મદદરૂપ બનવું. (૫) પર્યાવરણનું જતન કરવું. (૬) કમ્પ્યુટરનો શિક્ષણનો ફેલાવો કરવો. વિગેરેનું આયોજન કરીને તેના અંગેની કામગીરી કરવાનું નકકી કરાયું.

સાથે જ એક Advisory Committee રચના કરવામાં આવી કે જેથી ઉપરના તમામ પ્રોજેક્ટ પર કામ કરનાર વિદ્યાર્થિનીઓને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન પ્રાપ્ત થઇ શકે અને તેના પ્રમુખશ્રી તરીકે ડૉ. વી.આર.જી. મહિલા હોસ્ટેલના આદરણીય એડમિનિસ્ટ્રેટર શ્રી પુષ્પાબહેન જોષીની નિમણૂંક કરવામાં આવી.

ઉપરાંત, પોરબંદરના નામાંકિત તથા સંનિષ્ઠ સદ્‌ગૃહસ્થ શ્રી પી.વી. ગોહેલસાહેબ દ્વારા પણ ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓને તેમની જવાબદારી અંગે વિગતવાર સમજણ પુરી પાડવામાં આવી તથા મહિલા કોલેજમાં Architectural Structural Course શરૂ કરવા માટે સુચન કરવામાં આવ્યું.

અંતમાં, ડૉ. ઈલાબહેન થાનકી દ્વારા આભારવિધિ કરાયા પછી, રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો.

## ૪) પ્રતિષ્ઠિત વ્યકિતઓ સાથે મિટીંગ :-

તા.: ૦૩/૧૨/૨૦૧૫ના રોજ પ્રિ.શ્રી ડૉ. નાગર સાહેબની અધ્યક્ષતામાં પોરબંદરના પ્રતિષ્ઠિત નાગરિકો (Eminent Persons of Porbandar) સાથે સવારે ૧૦:૩૦ વાગ્યે એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી પી.વી. ગોહેલ સાહેબ, શ્રી પુષ્પાબહેન જોષી, શ્રી યુ.વી. જોષીસાહેબ તથા શ્રી અમીનભાઈ ખાસ હાજર રહ્યા હતા. જેમાં નીચેની બાબતો અંગે ચર્ચા કરવામાં આવી.

(૧) શ્રી પી.વી. ગોહેલ સાહેબ તથા શ્રી પુષ્પાબહેન જોષી દ્વારા હોમસાયન્સ વિભાગને વધુ મજબૂત બનાવવા માટે Interior Decoration, Dress code, foods & Nutrition તથા Event Management સંબંધિત વિવિધ શોર્ટ ટર્મ કોર્ષ શરૂ કરવાની ભલામણ કરવામાં આવી.

(૨) શ્રી યુ.વી. જોષી સાહેબ દ્વારા પોરબંદરમાં આર્ટ્સ ફેકલ્ટીમાં Special English for Boys Degree Course શરૂ કરવાની ભલામણ કરવામાં આવી.

(૩) શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ની પેરેન્ટ્સ મીટીંગમાં ઉપરોક્ત સર્વે મહાનુભાવોની સેવાઓ મેળવવાનું નક્કી કરવામાં આવ્યું.

## ૫) ડૉ. વી.આર.જી. મહિલા કોલજમાં 'શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ' જન્મજયંતિની ઉજવણી :-

તા.: ૧૨/૧૦/૨૦૧૫ના રોજ ડૉ. વી. આર. જી. મહિલા કોલેજમાં N.S.S., C.C.D.C. તથા Research Centre ના સંયુકત ઉપક્રમે તા. ૩૧, ઓકટોબર-૧૮૭૫ના દિવસે નડિયાદ ખાતે જન્મેલા 'ભારતના લોહપુરૂષ' શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૦ મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી.

જેમાં પ્રિ.શ્રી. ડૉ.નારગરસાહેબે શ્રી સરદાર પટેલને આદરપૂર્વક યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી તથા તેમના જીવનના પ્રેરક પ્રસંગોને ધ્યાનમાં રાખીને વ્યાખ્યાન આપ્યું. આ ઉપરાંત, વી.આર.જી. મહિલા કોલેજના ગ્રંથપાલ શ્રી ભાસ્કરભાઈ જાનીએ પણ શ્રી સરદાર પટેલના લોખંડી વ્યકિતત્વને અનુલક્ષીને વ્યાખ્યાન આવ્યું હતું. આ ઉપરાંત, આ અનુસંધાને એક વકતૃત્વ સ્પર્ધા તથા ડ્રોઈંગ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેના વિજેતાઓ આ મુજબ છે :

વકતૃત્વ સ્પર્ધા :-

૧) કુ. આશિયાના છાયા

૨) કુ. શમશાદ ગિરાચ
૩) કુ. ભકિત જોષી અને કુ. કિરણ સોમૈયા
ડ્રોઈંગ સ્પર્ધા :-
૧) કુ. સંગીતા સલેટ
૨) કુ. જાનકી પોપટ
૩) કુ. અંજના લોઢારી

આ બંને સ્પર્ધાઓમાં નિર્ણાયકશ્રી તરીક ડૉ. વાઘેલા સાહેબ તથા પ્રા. ઋષિભાઈ પંડયાએ સેવાઓ આપી.

આ ઉપરાંત, શ્રી સરદાર પટેલ જયંતિની ઉજવણીના ભાગરૂપે લાઈબ્રેરી સમિતિ દ્વારા પણ નીચેની પ્રવૃતિઓ કરવામાં આવી.

→ તા. ૨૯/૧૦/૨૦૧૫ - પ્રાર્થનાસભામાં શ્રી સરદાર પટેના 'અણમોલ વિચારો' ની રજુઆત કુ. પરમાર પાયલ તથા કુ. પાંડાવદરા જયશ્રી (બી.એ. સેમ.૧) દ્વારા કરવામાં આવી.

→ તા. ૩૦/૧૦/૨૦૧૫ પ્રાર્થનાસભામાં 'શ્રી સરદાર પટેલનું જીવનચરિત્ર' વિષય પર કુ. પાંડાવદરા જયશ્રી (બી.એ.સેમ-૧) એ વકતવ્ય આપ્યું.

→ તા. ૩૦/૧૦/૨૦૧૫ શ્રી સરદાર પટેલના જીવન સાથે સંબંધિત પુસ્તકોનું પ્રદર્શન.

→ તા. ૨૯/૧૦/૨૦૧૫ કવીઝ (લેખિત) જેમાં ૨૮ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો અને તેમાં નીચેની વિદ્યાર્થિનીઓ વિજેતા જાહેર થઇ.
પ્રથમ : (૧) કુ. પુજા કે. થાનકી (૨) કુ. જયા આર. મોઢવાડિયા (૩) કુ. દિપાલી વી. વાળા (૪) કુ. મેઘા એચ. દેવમુરારી (૫) કુ. માલી એલ. સુંડાવદરા (૬) કુ. કાજલ એસ. જમોડ
દ્વિતીય : (૧) પાયલ પી. મેઘનાથી (૨) હર્ષિદા વી. સોલંકી (૩) પુનમ એચ. ટુકડીયા (૪) મનીષા એન. ઓડેદરા
તૃતીય : (૧) ધારા એસ. સોલંકી (૨) આરતી એલ. ટુકડીયા (૩) મંજુ આર. ખુંટી (૪) શીતલ આર. ચામડીયા (૫) હિતાક્ષી કે. પોપટ

ઉપરોક્ત સ્પર્ધામાં નિર્ણાયકશ્રી તરીકે ડૉ. કીર્તિબહેન જાની તથા પ્રા. દક્ષાબહેન ચોટાઈએ સેવા આપી હતી.

## ૬) 'બંધારણ દિવસ' ની ઉજવણી :-

ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં 'બંધારણ દિવસ' ઉજવણી કરવામાં આવી. જેમાં 'સ્વતંત્ર ભારતનું બંધારણ' તથા 'ભારતની બંધારણ' સભાના પ્રમુખશ્રી ડૉ. આંબેડકરના જીવન પર આધારીત નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વિજેતાઓ :-
૧) જયશ્રી આર. પાંડાવદરા - બી.એ.સેમ.-૧
૨) દિવ્યા ડી. શીંગરખીયા - બી.એ. સેમ-૧
૩) સુનીતા જી. શીંગરખીયા - બી.એ. સેમ-૧

આ સ્પર્ધામાં નિર્ણાયકશ્રી તરીકે ડૉ. ઈલાબહેન થાનકીએ સેવાઓ આપી.

## ૭) N.S.S. અંતર્ગત પ્રવૃતિઓ :-

→ તા. ૧/૧૦/૨૦૧૫- ગાંધીજયંતિ નિમિતે કોલેજ કેમ્પસ સફાઈ કાર્યક્રમ, સર્વધર્મ પ્રાર્થના 'જીવન આધાર' નાટકની રજુઆત.
→ તા. ૧૨/૧૦/૨૦૧૫ - શ્રી સરદાર પટેલ જન્મજયંતિ ઉજવણી

## ૮) કમ્પ્યુટર વિભાગ અંતર્ગત પ્રવૃતિઓ :-

→ તા. ૫/૧૦/૨૦૧૫ Digital Logo Making સ્પર્ધાનું આયોજન કરાયું. જેમાં ૧૮ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. વિજેતાઓ - (૧) તેજલ કુહાડા-બી.કોમ. સેમ-૩ (૨) પ્રિયંકા દાવડા - બી.કોમ. સેમ-૧ (અંગ્રેજી માધ્યમ) (૨) આયુષી મદલાણી બી.કોમ.સેમ-૩ (અંગ્રેજી માધ્યમ)(૩) ડિમ્પલ બામણીયા - બી.કોમ. સેમ-૧. નિર્ણાયકશ્રી તરીકે શ્રી.ડી.ડી. ધોકિયા સાહેબ તથા શ્રી મુકુલભાઈ ગોકુલગાંધીએ સેવા આપી.

→ તા. ૫/૧૦/૨૦૧૫ ઓનલાઈન ફી કલેકશન તથા અન્ય ઓનલાઈન બેંકિંગની સમજ આપતો સેમિનાર યોજવામાં આવ્યો. જેમાં S.B.I. ના બ્રાન્ચ મેનેજરશ્રી દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું સમગ્ર સંચાલન વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ૯) અનુસ્નાતક વિભાગ (M.A.English) દ્વારા વર્કશોપનું આયોજન :-

→ તા. ૩૦/૧૦/૨૦૧૫ ના રોજ, ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં કાર્યરત અનુસ્નાતક વિભાગ (M.A. English) દ્વારા એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતેથી અંગ્રેજીભવનના વડા ડૉ. કમલમહેતા ખાસ હાજર રહ્યા હતા તથા તેમણે પોતાના પ્રાસંગિક ઉદ્દબોધનમાં સૌરાષ્ટ્રમાં અંગ્રેજી શિક્ષણ પર વધુ ભાર મુકવાની જરૂરીયાત જણાવી હતી.

ઉદ્‌બોધન સમારંભમાં ડૉ. વી.આર.જી. શૈક્ષણિક સંકુલના મેજેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઇ વિસાણા તથા પ્રિ.શ્રી.ડૉ. નાગરસાહેબ ખાસ હાજર રહ્યા હતા. ઉપરાંત, પોરબંદરની શ્રી ગુરૂકુળ મહિલા કોલેજના નિવૃત પ્રાધ્યાપકશ્રી ડૉ. હરીનબહેન મજીઠીયા તથા શ્રી કે.એચ. માધવાણી કોલેજના પ્રાધ્યાપિકા પ્રા. અનસુયાબહેન ચૌધરી પણ હાજર રહ્યા હતા તથા આ કાર્યશિબિરમાં એમ.એ. અંગ્રેજીના વિદ્યાર્થિ ભાઈબહેનો તથા અંગ્રેજી વિભાગના પ્રાધ્યાપકશ્રીઓએ હોંશભેર ભાગ લીધો હતો.

ઉદ્‌ઘાટન સમારંભનું સંચાલન કુ. બંસરી ગોરસિયા તથા કુ. નગ્મા બ્લોચએ કર્યું હતું. રજીસ્ટ્રેશન કામગીરી કુ. જલ્પા ઓડેદરા તથા કુ. પૂજા ઓડેદરાએ સંભાળેલ હતી.

સમગ્ર કાર્યશિબિરને સફળ બનાવવામાં ડૉ. વી.આર.જી. કોલેજના અંગ્રેજી વિભાગના પ્રાધ્યાપિકા ડૉ. સુલભાબહેન દેવપુરકર, પ્રા. ખુશાલભાઈ શીલુ, ઉપરાંત, કુ. સોનલ પાંડવ, કુ. જલ્પા મહેતાએ જહેમત ઉઠાવી હતી. તથા આ સૌને પ્રિ.શ્રી.ડૉ. નાગરસાહેબ, ટ્રસ્ટીશ્રી ભરતભાઇ વિસાણા તથા પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

## ૧૦) સપ્તધારા અંતર્ગત પ્રવૃતિઓ :–

### ૧) સામુદાયિક સેવાધારા :-

→ તા. ૧૪/૧૦/૨૦૧૫ - સ્વચ્છત ભારત અભિયાન અંતર્ગત Pri Diwali Cleaning Programme

→ તા. ૨૧/૧૦/૨૦૧૫ - વ્યસનમુકિતના અનુસંધાને ગુટકાનું વ્યસન અને આરોગ્ય' વિષય પર Group Discussion

### ૨) ખેલકૂદ-યોગ-વ્યાયામધારા :-

→ **સ્પોર્ટસ ધારા :-** સ્પોર્ટસધારા અંતર્ગત કોલેજની ક્રિકેટની ટીમે આંતર કોલેજ ક્રિકેટ સ્પર્ધામાં ભાગ લઇ ટીમ યુનિ.માં રનર્સ અપ બની અને ત્રણ બહેનો ઓલ ઈન્ડિયા માટે પસંદ કરાઈ. જેમાં મોઢવાડિયા પૂજા, કારાવદરા દીપુ, ઓડેદરા મીના. જેઓ મુંબઇ મુકામે રમવા માટે ગયેલ અને કોલેજ ખો-ખો ટીમ પણ યુનિ. રનર્સ બનેલ અને બે બહેનો, ઓડેદરા માનસી અને ઓડેદરા નિશા. બંને બહેનો પણ મુંબઈ મુકામે રમવા માટે ગયેલ. ઉપરોક્ત પાંચેય બહેનોને પ્રિન્સિપાલ તથા ટ્રસ્ટીશ્રીઓએ અને સ્ટાફમિત્રોએ અભિનંદન પાઠવેલ.

## ૧૧) અભ્યાસવર્તુળ અંતર્ગત પ્રવૃતિઓ :–

### ★ અર્થશાસ્ત્ર અભ્યાસવર્તુળ :-

→ તા. ૦૩/૧૦/૨૦૧૫ અર્થશાસ્ત્ર વિષયનું પુસ્તક પ્રદર્શન. જેની સંપૂર્ણ વ્યવસ્થા બી.એ.સેમ-૩ ની વિદ્યાર્થિનીઓ દ્વારા ગોઠવવામાં આવી તથા આ અંગેના ફીડબેક પણ મેળવવામાં આવ્યા.

→ તા. ૦૩/૧૦/૨૦૧૫ના રોજ બી.એ.સેમ-પની વિદ્યાર્થિનીઓએ BISAG Lecture દ્વારા International Business અંગે ઘણી ઉપયોગી માહિતી મેળવી હતી.

## ૧૨) વર્ષગાંઠ અભિનંદન :–

પ્રસ્તુત અંકમાં ડિસેમ્બર-૨૦૧૫ તથા જાન્યુઆરી-૨૦૧૬માં જેમની વર્ષગાંઠ આવી રહી છે. તેમને વર્ષગાંઠની શુભેચ્છાઓ પાઠવતા 'જ્યોર્તિગમય'ની ટીમ અત્યંત આનંદ અનુભવે છે.

ડિસેમ્બર-૨૦૧૫

૧) તા. ૦૪ ડિસેમ્બર-આદરણીય ટ્રસ્ટીશ્રી. શ્રીમતી જયશ્રીબહેન વિરમભાઈ ગોઢાણિયા
૨) તા. ૦૧ ડિસેમ્બર - વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ
૩) તા. ૨૧ ડિસેમ્બર - પ્રા. દક્ષાબહેન ચોટાઈ
૪) તા. ૧૨ ડિસેમ્બર - પ્રા. જશુબહેન ચાનપા.

જાન્યુઆરી-૨૦૧૬

૧) તા. ૦૪ જાન્યુઆરી - ડૉ. ગીતાબહેન ઉનડકટ
૨) તા. ૦૬ જાન્યુઆરી - પ્રા. દેવાયતભાઈ બાકુ
૩) તા. ૨૯ જાન્યુઆરી - સુનીતાબહેન પોપટીયા

ઉપરોકત તમામ સભ્યોને તેમની વર્ષગાંઠ નિમિતે ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ પરિવાર વતી ખુબ ખુબ અભિનંદન સાથે

ભાવિ પ્રગતિ માટે શુભકામનાઓ.

## ૧૩) ટીચર્સ કોર્નર :-

**સંસ્કૃત વિભાગ :-**

૧) ડૉ. ગીતાબહેન ઉનડકટ :-

જીવનમાં કાયમ સુખ જ આવ્યા કરે, તેમ ન માની શકાય. કોઈ વાર જીવનમાં વિપતિ, દુઃખ પણ આવે છે, પરંતુ તેવા વિપતિના સમયે હતાશ, નિરાશ કે નાસીપાસ ન થતા મનુષ્યએ ધીરજ ધારણ કરવી જોઈએ. આવી પડેલી વિપતિમાંથી બહાર નીકળવાનો, વિપતિને દુર કરવાનો પ્રયત્ન, વિચાર કરે તે મહાન મનુષ્ય છે.

૨) પ્રા. વર્ષાબહેન જોષી :-

કોઈ પણ અપેક્ષા વગર બધાનું સારું કરવા પ્રયાસ કરવો. કેમ કે, કોઈ કે કહ્યું છે કે જે લોકો ફુલ વેચે છે. તેના હાથમાં સુગંધ રહી જાય છે.

## ૧૪) સ્ટુડન્ટ કોર્નર :-

### મોતની ઠોકર

પ્રેમના વિશ્વાસનું મોતી શોધવા નિકળ્યા મરજીવા પરંતુ,
ખફા થઇ જશે મોસમ ખબર ક્યાં હતી સમંદર ને ?
સમગ્ર વિશ્વનો શહેનાઝ બનવા નિકળી પડયો પરંતુ
અંતમાં ખુલ્લા હાથે જવુ પડશે ખબર ક્યાં હતી સિકંદરને
''સાહિલ અદિંતો પીવા પડે છે. બેવફાઈના જામ પરંતુ
સ્વર્ગમાં પણ પીવું પડશે ઝેર ખબર ક્યાં હતી શંકરને
આ મદમસ્તી જવાનીનો અચકાશે ક્યારેક રૂપ પરંતુ
ત્યજવો પડશે લીલો શણગાર ખબર ક્યાં હતી પાનખરને
બેવફાએ ગુનેગાર સમજી માર્યા પાછળ ઘા પરંતુ
''સાહિલ'' દોષી છે કે નિર્દોષી ખબર ક્યાં હતી ખંજરને
હમદમ મેળવવા સૌ કરે છે દિલ લગાવવાની ભૂલ પરંતુ
પ્રેમ છે ''મોતની ઠોકર'' એવી ખબર ક્યાં હતી પ્રેમ કરનારને

-પોપટ પૂર્વી
એસ.વાય.બી.એ.સેમ-૪

### આવું શાને થાય છે ?

મને એ જ સમજાતું નથી કે
આવું શાને થાય છે.
ફુલડા ડુબી જાતાં ને પથ્થરો તરી જાય છે.
ટળવળે તરસ્યા ત્યહા ને વાદળી વેરણ બને

તે જ રણમાં ધુમ મુશળધાર વરસી જાય છે.
ઘરહીણા ધુમે હજારો ઠોકરાતાં ઠેર ઠેર
ને ગગનચુંબી મહેલો જનસુના રહી જાય છે.
દેવડીએ દંડ પામે ચોર મુઠી જારના
ને લાખ ખાંડી લુંટનારા મહેફિલે મંડાય છે.
કામધેનુ ને મળે ના એક સૂકું તણખલું
ને લીલાછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે.
ગરીબોના કૂબામાં તેલ ટીપુય દોહ્યલું ને
શ્રીમતોની કબર પર ઘીના દીવા થાય છે.

-ચાવડા ભાવિના
એસ.વાય.બી.એ. સેમ-૪

### સ્મિત

મુખની સુંદરતા વધારે છે સ્મિત
બાળકની અબોલી ભાષા છે સ્મિત
મહેમાનો ને દિલથી આવકાર છે સ્મિત
અજાણ્યા સાથેનો પ્રથમ સંબંધ છે સ્મિત

આત્મીયતાનો અહેસાસ છે સ્મિત
વગર બોલ્યે સંમતિનો બાળ છે સ્મિત
દુઃખ, દર્દ છુપાવાનો ઈલાજ છે સ્મિત અને
એટલે જ તો જગતમાં પ્રશંસા પામ્યું છે સ્મિત...

-ઓડેદરા નેહલ
એસ.વાય.બી.એ.(અંગ્રેજી)

દર્દને ગયા વિના રોયા કરો.,
જીંદીગી માણ્યા વિના ખોયા કરો,
બીક લાગે કંટકોની જો,
સતત ફુલને સુંઘો નહિ જોયા કરો,
કોણ ભલાને પૂછે છે,
અહિં કોણ બુરાને પૂછે છે,
મતલબી બધાને નિસ્બત છે,
અહિં કોણ ખરાને પૂછે છે,
સજા ભોગવી છે ગુનાઓની મે તો,
હવે કાં ગણાવો છો ગુનાઓ પાછા
ગુનો એ જ મારો, કબુલી લીધુ મે,
નહિ તો ગણાય છે, કોના ગુનાઓ ?
કાગળમાં પહેલા નામ પછી સહિ કરું છું
બસ ખાલી જગ્યામાં કાંઈ હું લખતો નથી હવે
ચમન તુજને સુમન મારી જ માફક છેતરી જશે
પ્રથમ એ પ્રેમ કરશે ને પછી જખ્મો ધરી જશે
ના આવ્યું આંખમાં આંસુ
વ્યથાને લાજ રાખી છે
દવાની ગઇ અસર ત્યારે દુઆ એ લાજ રાખી છે
ઘણું સારું થયું આવ્યા નહિ, મિત્રો મને મળવા
અજાણે આમ હાલતની ઘણાએ લાજ રાખી છે.

-સોનીગ્રા લીના
એસ.વાય.બી.એ. સેમ-૪

**દીકરીની વેદના**

કળી બની હું ખીલવા માટે,
માતાના ઉદરમાં સમાણી,
જનમ થયો ત્યાં જનેતાને કહે,
સાપના ભારાને કાં જણી ?
પારણામાં પોઢાડી પરાણે,
સંભળાવે કહાણી શાણી,
દુધના કટોરા આપે દીકરાને,
પવાતા ઘરમાં મને પાણી,
બેટ મટી હું પત્ની બની,
જગત આખાએ વાત જાણી,
માતૃત્વ વખતે બધાના મનમાં,
દીકરાની ઝંખના દેખાણી,
કરુણા માટે હું કરગરતી,
મને મળી મારની લ્હાણી,
અવસર આવ્યો અળગા થવાનો,
વહાલી ઘા એ મીઠી વાણી,
પિતા કહે દીકરી પારકી થાપણ,
સસરા કહે હું પારકી જણી,
કહેશો કોઈ ઓ મા મને,
દીકરીને પોતાની કોણે ગણી ?

## ૧૫) પ્રિન્સિપાલશ્રીની કલમે :-

## ૧૬) તંત્રી સ્થાનેથી :-

માગશર સુદ એકાદશીના દિવસે ગીતાજયંતિ ઉજવાય છે. ગીતા એ સમગ્ર માનવજાત માટેનો ગ્રંથ છે. જગતના સઘળા મનુષ્યોનું સમાન જ્ઞાન, સમાન રુચિ, સમાન શકિત હોતી નથી. કોઈમાં જ્ઞાન સંપાદન કરવા માટે બુદ્ધિશકિત હોય છે તો કોઈમાં કર્મ કરવાનું વિશેષ બળ હોય છે, કોઈમાં ભકિત માટે જોઈતું આર્દ્ર હૃદય હોય છે. તેઓએ પોતાના સ્વાભાવિક વલણ અનુસાર પોતાનું સાયન (જ્ઞાન, કર્મ કે ભકિત) પસંદ કરવાનું છે. સાથે સાથે પોતાની ઉણપ પુરી કરવા માટે બીજા સાધનનું સેવન કરવું પણ જરૂરી છે. શ્રીમદ ભગવદગીતામાં જણાવ્યા મુજબ માણસે પોતાનું કર્મ એટલે કે સ્વધર્મ બજાવવાનો જ છે. પણ તે માટે તેની પાસે જ્ઞાન હોવું જરૂરી છે અને તે જ્ઞાનમાં પણ રસ પુરવા તેને ગત્મિાન કરવું. પરમાત્માની ભકિત પણ આવશ્યક છે. આ ત્રણ માર્ગો વડે પરમાત્માનો યોગ સાધવાનું ગીતા કહે છે.

જ્ઞાન, કર્મ અને ભકિતનો યોગ્ય સમન્વય કરી આ લોકમાં આયુષ્યભર જીવનનો કયો રાહ અપનાવવો કરી તેની સમજણ ગીતાએ આપી છે. તેથી બધા જ વૈદિકગ્રોમાં ગીતાને અગ્રસ્થાન આપી કહેવામાં આવ્યું છે.

**गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तैरः**

વર્ષા બી. જોષી

**ડૉ. રેખાબહેન મોઢા** **શ્રી કલ્પનાબહેન જોષી**

**શ્રી સુરેશભાઈ ગોરસીયા**

**પ્રા. વર્ષાબહેન જોષી** **પ્રા. ઋષિભાઈ પંડયા**